# Joint Press Release of the 12th meeting of the India-Australia Joint Working Group on Counter-Terrorism

December 17, 2020

## આતંકવાદનો સામનો કરવા પર ભારત-ઓસ્ટ્રેલિયાનાં સંયુક્ત કાર્યકારી જૂથની 12મી બેઠકનું સંયુક્ત પ્રેસ રીલીઝ

ડીસેમ્બર 17, 2020

આતંકવાદનો સામનો કરવા પર ભારત-ઓસ્ટ્રેલિયાનાં સંયુક્ત કાર્યકારી જૂથની 12મી બેઠક 17 ડીસેમ્બર, 2020 નાં રોજ વર્ચ્યુઅલી યોજવામાં આવી હતી. બન્ને દેશો વચ્ચે ચાલું આતંકવાદનો સામનો કરવા પરનાં સહકારની ચર્ચા કરવા માટે ભારતનાં વિદેશ મંત્રાલયમાં આતંકવાદનો સામનો કરવા માટેની બાબતોનાં સંયુક્ત સચિવ શ્રી મહાવીર સિંઘવીએ અને ઓસ્ટ્રેલિયાનાં વિદેશી બાબતો અને વ્યાપારનાં ડીપાર્ટમેન્ટમાં આંતરરાષ્ટ્રિય સુરક્ષા, માનવીય અને રાજદ્વારી જૂથનાં ઉપ સચિવ શ્રી ટોની શીહાને નિષ્ણાંતોનાં સંબંધિત પ્રતિનિધિમંડળોની આગેવાની કરી હતી.

બન્ને પક્ષોએ 4 જૂન 2020 નાં રોજ યોજાયેલા આગેવાનોની વર્ચ્યુઅલ શિખર સંમેલનમાં વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન મોરિસન દ્વારા કરવામાં આવેલા ભારત ગણરાજ્ય અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદાર પરનાં સંયુક્ત નિવેદનમાં સ્થાપિત કર્યા અનુસાર, આતંકવાદનો સામનો કરવા સંકલન કરવા અને જોડાણ કરવા તરફની તેઓની પ્રતિબદ્ધતા રેખાંકિત કરી હતી.

ભારત અને ઓસ્ટ્રેલિયાઓ આતંકવાદની તેનાં તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં કઠોર નિંદા કરી હતી અને વ્યાપક તથા દીર્ઘકાલીન રીતે આતંકવાદનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રિય સહકાર વધારે મજબૂત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. બન્ને દેશોએ સીમા-પારનાં આતંકવાદ માટે ઉપયોગમાં લેવામાં આવતા આતંકવાદી પ્રોક્સીઓની નિંદા કરી હતી.

બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલી આતંકવાદી સંસ્થાઓ દ્વારા ઉભા થતા ખતરાઓની સમીક્ષા કરી હતી અને તમામ આતંકવાદી જોડાણો સામે સંગઠિત કાર્યવાહી કરવા માટેની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો. બન્ને પક્ષોએ આતંકવાદનો સામનો કરવા માટેનાં એક સાધન તરીકે આતંકવાદી વ્યક્તિઓ અને સંસ્થાઓનાં પ્રતિબંધ પર પણ દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

ભારત અને ઓસ્ટ્રેલિયાએ તમામ દેશો તેઓનાં નિયંત્રણમાં રહેલા કોઈપણ પ્રદેશનો આતંકવાદી હુમલાઓ કરવા માટે ઉપયોગ ન કરવામાં આવે અને આવા હુમલાઓનાં ગુનેગારોને તાત્કાલિક ન્યાય હેઠળ લાવવામાં આવે તેની ખાતરી કરવા માટે તમામ દેશોને તાત્કાલિક, સાતત્યપૂર્ણ, ખરાઈ કરી શકાય તેવી અને બિનપ્રત્યાવર્તી કાર્યવાહી કરવા માટેની તાત્કાલિક જરૂરીયાત રેખાંકિત કરી હતી. ઓસ્ટ્રેલિયાએ 26/11 મુંબઈ, પઠાણકોટ અને પુલવામાં સહિત ભારતમાં થયેલા આતંકવાદી હુમલાઓની તેની નિંદાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતનાં લોકો અને ભારત સરકાર માટે તેનાં સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

ભારત અને ઓસ્ટ્રેલિયાએ કટ્ટરવાદ અને હિંસક આત્યંતિકતાનો સામનો કરવો, આતંકવાદને નાણા પૂરા પાડનારનો સામનો કરવો, આતંકવાદ અને હિંસક આત્યંતિકતા માટે ઈન્ટરનેટનો દુરુપયોગ થતો અટકાવવો, કાયદા અમલીકરણમાં સહકાર, માહિતીનું આદાન-પ્રદાન અને ક્ષમતા નિર્માણ સહિત આતંકવાદનો સામનો કરવાની બાબતમાં સહકારનાં વિવિધ ક્ષેત્રો પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી. આ ચર્ચાઓમાં આતંકવાદનો સામનો કરવામાં કોવિડ-19 મહામારી દ્વારા રજૂ થયેલા પડકારોની પણ માહિતી આપવામાં આવી હતી.

બન્ને પક્ષો આ પડકારોનાં પ્રતિભાવમાં નિકટતાથી સાથે મળીને કાર્ય કરવા પ્રતિબદ્ધ થયા હતા અને આતંકવાદનો સામનો કરવાની બાબતમાં વધારે આધુનિક સંચાર, સહકાર અને માહિતીની આપ-લે કરવા માટે તેઓની સંબંધિત એજન્સીઓ વચ્ચે જોડાણ વધારે ગહન કરવા માટેનાં માર્ગોની ચર્ચા કરી હતી.

બન્ને પક્ષોએ UN, G-20, GCTF, ARF, IORA અને FATF, તથા ઓસ્ટ્રેલિયા-ભારત-જાપાન-યુએસ પરામર્શો જેવા બહુપક્ષીય મંચોમાં આતંકવાદનો સામનો કરવા પર સહકારની, અને આ સહકાર વધારે આગળ વધારવા માટેનાં માર્ગોની પણ ચર્ચા કરી હતી.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 17, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.